GJGS040002332015

**<u>ઉના મે.અધિક સીનીયર સીવીલ જજ સાહેબ ની કોર્ટ માં, મું.ઉના-ગીર સોમનાથ</u>**

**<u>રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર : ૨૦૩/૨૦૧૫</u>**

**<u>આંક: ૫૪</u>**

વાદીઓ : ગુજરનાર ભગવાન કાના ના વારસો

૦૧. વાલીબેન ભગવાનભાઈ

૦૨. મનુભાઈ ભગવાનભાઈ

૦૩. ગોવિંદભાઈ ભગવાનભાઈ

૦૪. ધીરૂભાઈ ભગવાનભાઈ

૦૫. દેવીબેન ભગવાનભાઈ

૦૬. હરીભાઈ ભગવાનભાઈ

રહેવાસી બધા : વાંસોજ તા. ઉના

**વિરૂધ્ધ**

પ્રતિવાદીઓ : **૦૧. હીરાભાઈ ભીમાભાઈ રામુ**

**૦૨. લખાભાઈ ભીમાભાઈ રામુ**

**૦૩. મેરૂભાઈ ભીમાભાઈ રામુ**

**૦૪. ગુજરનાર હમીરભાઈ ભીમાભાઈ રામુ ના વારસો**

**૪.૧ મંજુલાબેન હમીરભાઈ રામુ**

**૦૫. જીણાભાઈ ભીમાભાઈ રામુ**

---

**દાવો : ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો...**

---

---

**વાદીઓ તરફે વિ.વકીલ શ્રી એમ.જી.નકવી**

**પ્રતિવાદીઓ તરફે વિ.વકીલ શ્રી ડી.એસ.પરમાર/એસ.બી.ઉપધ્યાય**

## *-:: ઠરાવ ::-*

<u>૦૧.</u> વાદી ના દાવા ની ટુંક માં હકીકત એવી છે કે વાદીઓ ગુજરનાર ભગવાન કાનાના વારસો છે અને પ્રતિવાદીઓ ગુજરનાર ભીમા કાનાના વારસો છે. ભગવાન કાના તથા ભીમા કાના સગા ભાઇઓ થાય છે. પ્રતિવાદીઓ વાદી નં : ૦૧ ના જેઠ ના દિકરાઓ છે. વાદી નં : ૦૨ થી ૦૬ ના મોટા બાપાના દિકરાઓ થાય છે. વાદીઓ તથા પ્રતિવાદીઓ વાંસોજ ગામે રહે છે અને વાદીઓ ખેતી તથા ખેત મજુરી કરી તેમનું ગુજરાન ચલાવે છે. મોજે ઉના તાલુકા વાંસોજ ગામના નવા ગામતળમાં વાંસોજ ગ્રામ પંચાયત પ્લોટ પાડેલ હતા તે પ્લોટ પૈકીનો એક પ્લોટ ૪૫ X ૪૫ વાળો વાદીના મુળ પૂરૂષ ભગવાન કાનાએ સદર પ્લોટ ના મુળ માલિક વસવાયા જ્ઞાતિ પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુ નં : ૪૧૭ થી તા. ૨૦.૦૪.૧૯૯૫ ના રોજ ખરીદ કરેલ છે તે રીતે વાદીઓ ના મુળ પૂરુષ સદર પ્લોટ ના માલિક અને કબજેદાર બનેલ હતા. સદર પ્લોટ તલાટી દફતરે તેમના નામે તથા ખાતે થયેલ આમ વાદીના મુળ પૂરુષ નું અવશાન થઇ જતાં સદર પ્લોટ વાદીઓને વારસ દરજજે પ્રાપ્ત થયેલ છે. વાદીઓ તેમના સંયુકત માલિક કબજેદાર બનેલ છે. સદર પ્લોટ હાલ તલાટી દફતરે તથા સરકારી રેકર્ડ માં વાદી ના નામે તથા ખાતે ચાલે છે. સદર પ્લોટને હવે પછી આ દાવાના કામે દાવાવાળા પ્લોટ તરીકે સંબોધવામાં આવેલ છે. દાવાવાળા પ્લોટની ચતુઃદિશા દાવા અરજી ના પેરા નંબર : ૧૩ માં જણાવેલ છે તે છે. દાવાવાળા પ્લોટ ની સનદ નંબર : ૨૪૫૫ છે. દાવાવાળા પ્લોટમાં આવેલ માલઢોર બાંધવાના છાપરા વાળા ઢાળીયાનો વાદીઓ ઉપયોગ કરતાં ન હોઇ અને તે પડતર હોઇ જેથી પ્રતિવાદીઓએ સદર છાપરામાં તેમના માલઢોર બાંધવાની પરવાનગી માંગતા વાદીઓએ સંબંધના નાતે તે પડતર હોવાનથી પ્રતિવાદીઓને માલઢોર બાંધવાની પરવાનગી આપેલ. જેથી પ્રતિવાદીઓની તેમના માલઢોર બાંધે છે. આજ થી આશરે એકદા વર્ષ પહેલા સદર છાપરાની ઉતરે પડતર જગ્યામાં પ્રતિવાદીઓએ કાચું ઝુપડું બનાવતા અને તેની જાણ થતાં તે બાબતે વાંધો લઇ તાત્કાલીક ઝુપડું બનાવતા અને તેની અમોને જાણ

થતાં તે બાબતે વાંધો લઇ તાત્કાલીક ઝુપડું ત્યાંથી દુર કરવા માંગણી કરેલ ત્યારે થોડા સમયમાં સદર ઝુપડું ત્યાંથી ખસેડી લેશે તેવી પ્રતિવાદીઓએ ખાતરી આપેલ પરંતુ સદર ઝુપડું દુર કરેલ ન હતું. દાવાવાળા પ્લોટ પ્રત્યે પ્રતિવાદીઓની બદદાનત થઇ આવેલ છે. દાવાવાળો પ્લોટ પ્રતિવાદીઓ પચાવી પાડવા માંગે છે તે માટે દાદાગીરી કરી રહયા છે. દાવાવાળા પ્લોટ ના પૂર્વ ઉતર ખુણામાં આવેલ છાપરામાં માલ ઢોર બાંઘવા આપેલ પરવાનગી નો દુર ઉપયોગ કરી વિશ્વાસ ભંગ કરી બળજબરી કરવા માંગે છે. તેમજ ઝુપડા નું બાંઘકામ પણ દુર કરવું જરૂરી થઇ પડેલ છે. પરંતુ પ્રતિવાદીઓ બળજબરી પૂર્વક તે દુર કરવા માંગતા નથી. તેમજ વાદીઓ ને દાવાવાળા પ્લોટ નો ઉપયોગ ઉપભોગ કરતાં ગેરકાયદેસર અને બિનઅધિકૃત રીતે અટકાયત કરવા માંગે છે જેથી હાલ નો દાવો દાખલ કરી વાદીઓ દ્વારા નીચે મુજબ ની દાદ માંગવામાં આવેલ છે.

૧.૧ મોજે ઉના તાલુકાના વાંસોજ ગામ ના નવા ગામતળમાં સનદ નંબર ૨૪૫૫ દાવા અરજી ના પેરા ૨ માં જણાવેલ દાવાવાળા પ્લોટ માં કે તેના કોઇપણ ભાગમાં પ્રતિવાદીઓને કોઇપણ પ્રકારનો કોઇ હકક અધિકાર નથી તેવું ઠરાવી આપવા તથા,

૧.૨ દાવાવાળા પ્લોટ ના ઉતર પૂર્વ ખુણા સામે પડતર જગ્યામાં બનાવેલ ઝુપડું ગેરકાયદેસર, બિનઅધિકૃત છે માટે પ્રતિવાદીઓ તેને તે જગ્યાએથી દુર કરી સદર જગ્યા ખુલ્લી કરી આપે તેવો પ્રતિવાદીઓ વિરૂઘ્ઘ આદેશાત્મક મનાઇ હુકમ ફરમાવવા તથા,

૧.૩ આ દાવાવાળા પ્લોટ નો ઉપયોગ ઉપભોગ કરતાં વાદીઓને તેમના કુટુંબીજનો, માણસો, એજન્ટોને પ્રતિવાદીઓ તેમના માણસો, કુટુંબીજનો એજન્ટો કોઇ અટકાયત, અવરોઘ, દખલ કરે નહિં કે તેમા પ્રવેશ કરે નહિં કે તેનો બળજબરી પૂર્વક વાદીઓ પાસેથી કબજો પડાવે નહિં કે તેમાં કોઇપણ પ્રકારનું ખોદકામ, ચણતરકામ, બાંઘકામ કરે નહિં તેવો પ્રતિવાદીઓ વિરૂઘ્ઘ કાયમી મનાઇ હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

<u>૦૨.</u> હાલ ના દાવા ના કામે પ્રતિવાદીઓ તરફે દાવાનો જવાબ રજુ રાખેલ નથી પરંતુ કામ ચલાઉ મનાઇ હુકમ માં મૌખિક દલીલ કરેલ છે તેમજ વાદી ની ઉલટ તપાસ કરવામાં આવેલ છે.

<u>૦૩.</u> હાલ ના દાવા ના કામે અમારી અગાઉના વિ.ન્યાયાઘીશ શ્રી દ્વારા નીચે મુજબ ના

મુદ્દાઓ આંક : ૧૬ થી ઘડવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

01. Whether Plaintiff proves that plaintiff is owner and occupier of the suit land by way of inheritance as inherited propety ?

02. Whether defendant proves that plaintiff have no right interest and title in the suit property ?

03. Whether plaintiff is entitled for prayers and reliefs claimed in the suit ?

04. What order and decree ?

<u>૦૪.</u> ઉપરોકત જણાવેલા મુદ્દાઓ ના જવાબો હવે પછી જણાવેલા કારણો ને આધારે નીચે મુજબ છે.

૦૧. મુદ્દા નંબર : ૦૧ નો જવાબ હકાર માં આપવામાં આવે છે.

૦૨. મુદ્દા નંબર : ૦૨ નો જવાબ હકાર માં આપવામાં આવે છે.

૦૩. મુદ્દા નંબર : ૦૩ નો જવાબ હકાર માં આપવામાં આવે છે.

૦૪. મુદ્દા નંબર : ૦૪ નો જવાબ તેના આખરી હુકમ મુજબ રહેશે.

<u>૦૫.</u> ઉપરોકત જણાવેલ મુદ્દાઓ આધારે પક્ષકારો દ્વારા નીચે મુજબ ના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

૦૧. વાદી નં : ૦૪ ધીરૂભાઇ ભગવાનભાઇ આહીર ની જુબાની આંક : ૨૧

૦૨. વાદી તરફે દસ્તાવેજી પુરાવામાં સનદ રજુ દાખલ આંક : ૩૬

૦૩. વાદી તરફે વેચાણ દસ્તાવેજ ની ખરી નકલ રજુ દાખલ આંક : ૩૭

૦૪. વાદી તરફે રજુ ગામ નમુના નં : ૦૨ રજુ દાખલ આંક : ૩૮

૦૫. વાદી તરફે રજુ ગામ નમુના નંબર : ૦૬ હકકપત્રક રજુ દાખલ આંક : ૩૯

## ***<u>-:: કારણો ::-</u>***

<u>૦૬.</u> <u>મુદ્દા નંબર : ૦૧ થી ૦૩</u>

૬.૧ મુદ્દા નંબર : ૦૧ નો જવાબ હકાર માં આપવામાં આવે છે કારણ કે દાવાવાળી મિલકત વાદી ના પિતા ભગવાન કાના એ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ છે અને તેઓનું અવશાન થઇ જતાં સદર દાવાવાળી મિલકત વાદી ને વારસદાર દરજજે પ્રાપ્ત થયેલ છે જે વાદી ના સરતપાસ ના સોગંદનામાં થી પુરવાર થયેલ છે અને તેનાથી વિરૂઘ્ઘ ની હકીકત પ્રતિવાદીઓ તરફે રજુ રાખવામાં આવેલ નથી. આંક : ૨૧ થી વાદી ની ઉલટ તપાસ જો વંચાણે લેવામાં આવે તો તેમાં વાદી ઘ્વારા ઉલટ તપાસ માં એ હકીકત કબુલ મંજુર રાખવામાં આવેલ છે કે એ વાત ખરી છે કે વાદગ્રસ્ત પ્લોટ ની બાજુમાં પ્રતિવાદીઓ ના મકાન આવેલા છે. એ વાત ખરી નથી કે, ભીમાભાઇ કાનાભાઇ અને ભગવાનભાઇ કાનાભાઇ અલગ પડેલા ત્યારથી આ પ્લોટનો કબજો ભીમાભાઇ કાનાભાઇ નો છે. એ વાત ખરી છે કે, વાદગ્રસ્ત પ્લોટ વસવાયા જ્ઞાતિના બે વ્યકિતઓ પાસેથી ખરીદ કરેલ હતો. એ વાત ખરી છે કે વાદગ્રસ્ત પ્લોટની સનદ માં આ વસવાયા જ્ઞાતિના વ્યકિતઓના નામ છે. એ વાત ખરી છેકે પ્લોટના વેચાણ દસ્તાવેજ માં એકજ વ્યકિતની સહી છે. એ વાત ખરી છે કે ભગવાનભાઇ કાનાભાઇ અને ભીમભાઇ કાનાભાઇ અલગ થયા ત્યારે ખેતીની જમીનની વહેંચણી કરવામાં આવેલી. એ વાત ખરી છે કે મારા પિતાજીના ભાગે જે જમીન આવેલી હતી તે જમીનનો કબજો અમો વાદી પાસે છે અને તે રેવન્યુ રેકર્ડ માં પ્રતિવાદીના નામે આવેલ છે. એ વાત ખરી છે કે આ જમીન અમારા નામે કરવા માટે રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર : ૦૭/૨૦૨૦ થી અદાલત માં દાવો કરેલ છે. હાલ ના દાવા ના કામે ભગવાનભાઇ કાનાભાઇ નું અવશાન થઇ જતાં વાદીઓ તેમના વારસદારો હોય દાવાવાળા પ્લોટ વાદીઓને વારસદારદરજજે પ્રાપ્ત થયેલ છે. હાલ ના દાવા ના કામે આંક : ૩૯ થી ગામ નમુનો હકકપત્રક નં : ૦૬ વંચાણે લેવામાં આવે તો તેમાં વાદીના વારસદારો ના નામો માલિકી તથા કબજેદાર તરીકે ચાલી આવેલ છે. આમ, વાદીઓ એ વાદગ્રસ્ત પ્લોટ ના કાયદેસર ના માલિક તેમજ કબજેદાર છે જે હકીકત સ્પષ્ટપણે હાલ ના દાવા ના કામે રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ આઘારિત સાબિત થાય છે. તેનાથી વિરૂઘ્ઘનો કોઇ પુરાવો પ્રતિવાદીઓ તરફે રજુ રાખવામાં આવેલ નથી.જેથી મુદ્દા નંબર : ૦૧ નો જવાબ હકારમાં આપવામાં આવેલ છે.

૬.૨ મુદ્દા નંબર : ૦૨ નો જવાબ નકાર માં આપવામાં આવેલ છે કારણ કે પ્રતિવાદીઓ ઘ્વારા હાલ ના કામે એકપણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી તેમજ મુદ્દા નંબર : ૦૧ માં કરેલ ચર્ચા મુજબ વાદીઓ એ વાદગ્રસ્ત પ્લોટ ના કાયદેસર

ના માલિક તેમજ કબજેદાર હોય જે હકીકત હાલ ના દાવા ના કામે વાદીઓ દ્વારા સાબિત કરવામાં આવેલ હોય તેમજ વાદીઓ ના નામો રેવન્યુ રેકર્ડ માં ચાલી આવેલ હોય તેમજ વાદીઓ ના મુળ પુરષ ના નામે વાદગ્રસ્ત પ્લોટ નો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હોય પ્રતિવાદીઓ એ હકીકત સાબિત કરવા માં નિષ્ફળ નીવડેલ છે કે વાદગ્રસ્ત પ્લોટ માં વાદીઓ ને કોઇ હકક હિત કે અધિકાર આવેલ નથી જેથી મુદ્દા નંબર : ૦૨ નો જવાબ નકાર માં આપવામાં આવે છે.

૬.૩ મુદ્દા નંબર : ૦૩ નો જવાબ હકાર માં આપવામાં આવે છે કારણ કે વાદીઓ એ વાદગ્રસ્ત પ્લોટ ના કાયદેસર ના માલિક તેમજ કબજેદાર હોય વાદીઓ હાલ ના દાવા ના કામે માંગ્યા મુજબ ની તમામ દાદ મેળવવા માટે હકકદાર બનેલ છે જેથી મુદ્દા નંબર : ૦૩ નો જવાબ હકાર માં આપી મુદ્દા નંબર : ૦૪ અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

**૦૧. વાદીઓ નો દાવો આથી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**૦૨. મોજે. ઉના તાલુકા વાંસોજ ગામ ના નવા ગામતળ માં સનદ નંબર : ૨૪૫૫ વાળા દાવાવાળા પ્લોટ માં કે તેના કોઈપણ ભાગ માં પ્રતિવાદીઓ નો કોઈપણ પ્રકારનો હકક, અધિકાર નથી તેવું ઠરાવવામાં આવે છે.**

**૦૩. દાવાવાળા પ્લોટ ના ઉતર પૂર્વ ખુણા સામે પડતર જગ્યા માં બનાવેલ ઝુંપડું ગેરકાયદેસર, બિન અધિકૃત છે જે માટે પ્રતિવાદીઓ એ તેને તે જગ્યાએ થી દુર કરી સદર જગ્યા ખુલ્લી કરી આપે તેવો પ્રતિવાદીઓ ને આદેશ કરવામાં આવે છે.**

**૦૪. દાવાવાળા પ્લોટ નો ઉપયોગ, ઉપભોગ કરતાં વાદીઓને તેમના કુટુંબીજનો ને, માણસો ને, એજન્ટોને પ્રતિવાદીઓ, તેમના માણસો, એજન્ટો, કુટુંબીજનો કોઇ અટકાયત, અવરોધ, દખલ કરે નહિં કે તેમાં પ્રવેશ કરે નહિં કે તેનો બળજબરીપૂર્વક તેમની પાસેથી કબજો પડાવે નહિં કે તેમાં કોઈપણ પ્રકારનું ખોદકામ, ચણતરકામ, બાંધકામ કરે નહિં તેવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ કાયમી મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.**

**હુકમ આજ રોજ તારીખ : ૩૦.૦૭.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ : ૩૦.૦૭.૨૦૨૬**
**ઉના.**

**(ભાર્ગવ વસંતકુમાર વ્યાસ)**
**અધિક સીનીયર સીવીલ જજ,**
**ઉના. કોડ નં : જીજે. ૦૧૧૦૦.**

*Type by Oneself.*

Suit Instituted on Dated : 22.06.2015.
Suit Disposed off on Dated : 30.07.2026.
Time Duration - Eleven Years one month Eight Days.